ગાંધીનગર સમાચાર

જિલ્લામાં પાસપોર્ટ વેરીફીકેશન કામગીરી સ્માર્ટ એન્ડ સ્પીડી બની

## @ગાંધીનગર

● સે-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે બુધવારે સવારે ૧૧ કલાકે કથા પૂર્ણાહુતીનો કાર્યક્રમ યોજાશે.

● પેથાપુરના સુખડેશ્વર મહાદેવ મંદિર ખાતે અતિરૂદ્ર મહાયાગ અંતર્ગત સવારે ૧૦.૦૫ કલાકે રૂદ્રહોમ તેમજ સાંજે ૩.૩૫ કલાકે ભવ્યકથા પૂર્ણાહુતી કરાશે. ઉપરાંત સાંજે ૪.૦૫ કલાકે દિવ્ય મહાઆરતી યોજાશે.

● સે-૨૨ પંચેદવ મંદિર ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન તુલસીવિવાહનો કાર્યક્રમ યોજાશે.

●પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા બપોરે ૧૨ કલાકે સે-૧૩ લિમ્બચ માતાજીના મંદિર ખાતે ભવ્ય અન્નકુટ ધરાવાશે. ઉપરાંત બપોરે ૧ કલાકે તેજસ્વી તારલાઓનું સન્માન તેમજ સાંજે ૫.૩૦ કલાકે મહાઆરતી યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# ટામેટાંનો ભાવ સાંભળી મહિલાઓ લાલઘૂમ

ગાંધીનગર તા.૨૪

શહેરના શાકમાર્કેટ બજારોમાં છેલ્લા બે સપ્તાહ થી ટામેટાનો ભાવ આસમાનને આંબી ગયો છે. શાકમાર્કેટમાં વેચાણઅર્થે લારી તેમજ ઓટલા પર પડી રહેલા લાલ લાલ ટામેટાનો ભાવ સાંભળી મહિલાઓ લાલઘુમ થઈ જાય છે. શહેરમાં અત્યારે હાલ ટામેટાનો ભાવ ૬૦ થી ૭૦ રુપીયે કિલો છે. રસોડામાં વિવિધ વાનગીમાં વપરાતા ટામેટા અત્યારે હાલ ગાયબ થઈ ગયા છે. ટામેટાના ભાવ સાંભળી નગરની મહિલાઓના મનમાં ખટાશ ઉભી થવા પામી છે.

શહેરના શાકમાર્કેટ બજારોમાં અત્યારે હાલના સમયે ટામેટાના બજારમાં તેજી છે. શાકમાર્કેટમાં ટામેટાની ઓછી આવકને પગલે ભાવ વધારાનું રટણ વેપારીઓ કરી રહ્યા છે. છેલ્લા બે સપ્તાહથી ટામેટાના ભાવ ઉંચકાયો છે. નગરની મહિલાઓ શાકમાર્કેટમાં વિવિધ શાકની સાથે સાથે મરચા,આદુ,ધાણા,ટામેટા સહિતની ખરીદી કરે છે. પરંતુ ભાવ વધવાને પગલે અત્યારે હાલ તો લારીમાં તેમજ ઓટલા પર વેચાણ માટે પડી રહેલા લાલ ટામેટાને જોઈ લાલઘુમ થઈ જાય છે. શહેરના સેકટર-૨૧,૨૪,તેમજ ૭ના માર્કેટમાં ૬૦ થી ૭૦ ના ભાવે વેચાતા ટામેટાનું વેચાણ ઓછુ થવા પામ્યું છે. જયારે રસોડામાં વિવિધ વાનગી તેમજ શાકમાં વપરાતા ટામેટા અત્યારે હાલના સમયે તો અદ્રશ્ય થઈ ગયા છે. હોટલ, રેસ્ટોરન્ટ તેમજ ખાણીપીણીની લારીઓમાં સલાડની ડીશમાં પણ કયાંય ટામેટા દેખાતા નથી. જયારે માર્કેટના હોલસેલના વેપારીઓ જણાવી રહ્યા છે કે ટામેટાનું ઉત્પાદન ઓછુ છે. તેમજ માર્કેટમાં માલ જરુરીઆત કરતા ઓછો આવતો હોવાથી આ ભાવ વધારો થવા પામ્યો છે. આગામી સમયમાં ટામેટાની આવક માર્કેટમાં શરુ થશે.ત્યારબાદ ભાવ રાબેતા મુજબ ૨૦ થી ૩૦ રુપીયાનો થઈ જશે. પરંતુ અત્યારે હાલના ટામેટા ભાવ સાંભળી નગરની મહિલાઓના મનમાં ખટાસ ઉભી થવા પામી છે.

(તસવીર : કશ્યપ નિમાવત)



## વાતવાતમાં

●ઘ-૨ સર્કલ નજીક મહેન્દ્ર કાકા સોડાવાળા તરફથી દેવદીવાળીના પર્વ નિમિત્તે ૨ હજાર નગરજનોને મફત સોડા પીવડાવવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે મહેન્દ્ર કાકા અગાઉ નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા તે માટે તથા બાળકો બોર્ડની પરીક્ષામાં પાસ થયા હોય તેમને મફત સોડા પીવડાવી ચુકયાં છે.

●ગાંધીનગરના સે-૧૬માં આવેલ સોનાના દાગીના પર ધીરાણ કરતી એક કંપનીની ઓફીસે હંમેશા તાળુ લાગેલું જોવા મળે છે. જો કે તાળાબંધીમાં પણ ઓફીસની અંદર કંપનીનું કામકાજ ચાલુ હોય છે પરંતુ સોનાની સલામતીનો સવાલ હોઈ તાળુ લગાવી રખાય છે અને મુલાકાતી આવે ત્યારે તાળુ ખોલી અંદર પ્રવેશ આપી તુરંત ફરી તાળુ લગાવી દેવાય છે.

●પથિકાશ્રમ સર્કલે સવારે ૧૦ વાગે અને સાંજે ૬ વાગે એમ બે પીકઅવર્સ સિવાયના સમયે ટ્રાફિક નિયમન માટે પોલીસની હાજરી હોતી નથી. આ કારણે શટલીયા જીપો સર્કલ નજીક રોડ પર અડ્ડા જમાવે છે જેના કારણે દિવસમાં અનેકવાર ટ્રાફિકમાં અડચણ પેદા થાય છે અને તુ તુ મૈં મૈં ના દશ્યો પણ જોવા મળે છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫



ગાંધીનગર શહેરને આકર્ષક બનાવવા તંત્ર દ્વારા કામગીરી ચાલુ જ રહે છે જેને અનુલક્ષીને શહેરમાં ઘ-રોડ પર ડીવાઈડરની વચ્ચે વાવેલા વૃક્ષોનાં ટ્રીમીંગનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## સે. ૨-બી ચંદ્રમૌલેશ્વર મહાદેવ ખાતે શ્રીમદ્ ભાગવત કથાયજ્ઞ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સે-૨-બી ખાતે આવેલા શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ સમસ્ત ભકત સેવા મંડળ દ્વારા તા. ૨૬ નવેમ્બરથી ૩ ડિસેમ્બર સુધી બપોરે ૧.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન શ્રીમદ્ ભાગવત કથાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

સે-૨-બીના અંબિકાચોકમાં શ્રી ચંદ્રમૌલેશ્વર સેવા ટ્રસ્ટ અને ગોપી મહિલા મંડળના સંયુકત ઉપક્રમે બપોરે ૧.૩૦થી ૫.૩૦ કલાક દરમિયાન કથા પ્રવકતા શ્રી ૧૦૮ શ્રી મધુસુદનદાસજી મહારાજની વ્યાસપીઠે ભાગવત કથાનું રસપાન કરાવાશે. તેમજ કથામાં મુખ્યયજમાન પદે રેખાબેન ચંદુભાઈ સુથાર પરિવાર ઉપસ્થિત રહેશે.

શ્રીમદ્ ભાવગત ગ્રંથ પોથીની શોભાયાત્રા તા. ૨૬ નવેમ્બરના રોજ બપોરે ૧.૩૦ કલાકે સે-૨-બી પ્લોટ નં. ૩૨૩/૨થી નીકળી સેકટરની પ્રદક્ષિણા કરી કથા મંડપે પધારશે. તેમજ બપોરના ૩.૦૦ કલાકે અમદાવાદ જગન્નાથ મંદિરના મહામંડલેશ્વર શ્રી દિલીપદાસજી મહારાજના વરદહસ્તે દિપ પ્રાગટય કરવામાં આવશે. કથામાં આવતા પાવનકારી પ્રસંગોમાં દ્વિતિય દિવસે કપિલ પ્રાગટય, વરાહ પ્રાગટયને આવરી લેવામાં આવ્યા છે. તૃતીય દિવસે ધ્રુવ ચરિત્ર, પ્રહલાદ ચરિત્ર, ચતુર્થ દિવસે વામન ચરિત્ર, રામ જન્મ અને કૃષ્ણ જન્મને આવરી લેવાયા છે. તેમજ પંચમ દિવસે કૃષ્ણ બાળલીલા, ષષ્ઠમ દિવસે રૂક્ષ્મણી વિવાહ, સપ્તમ દિવસે સુદામા ચરિત્રને આવરી લેવાયા છે. આ ઉપરાંત ગુરુવારે ૮.૩૦ કલાકે આનંદનો ગરબો યોજાશે તા. ૨૮ નવેમ્બરને શનિવારે સવારે ૮.૩૦ કલાકે સુંદરકાંડના પાઠ તથા તા. ૨ ડિસેમ્બરના રોજ રાત્રે ૮.૩૦ કલાકે તુલસી વિવાહનું આયોજન કરાયું છે. આ પ્રસંગે તમામ નગરજનોને ઉપસ્થિત રહેવા વિનોદભાઈ પટેલ પરિવારે અનુરોધ કર્યો છે.

## આજે સેકટર-૩૦માં લઘુરૂદ્ર યોજાશે

ગાંધીનગર, તા.૨૪

રૂદ્રાભિષેક મંડળના સભ્યશ્રી તુષારભાઈ નટુભાઈ રાવલના નિવાસસ્થાને પ્લોટ નં. ૫૮૮/૨, શાંતિવન સોસાયટી, સેકટર-૩૦ ખાતે તા. ૨૫મી નવેમ્બરથી સવારે સાડા આઠ વાગે લઘુરૂદ્ર રાખવામાં આવેલ છે. સર્વે સભ્યોને ભાગ લેવા માટે શ્રી નરેન્દ્રભાઈ જાની સહમંત્રી રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરે જણાવેલ છે.

## ભટ્ટ મેવાડા સમાજ દ્વારા સ્નેહમિલનનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના ભટ્ટ મેવાડા સમાજ દ્વારા આગામી તા. ૨૯ નવેમ્બરને રવિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે પંચદેવ મંદિર, સે-૨૨ ખાતે સ્નેહ સંમેલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધો-૧થી ગ્રેજયુએટ સુધીના વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે. આ પ્રસંગે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. જે અંગેના પાસ સંસ્થાના કારોબારી સભ્યો પાસેથી મેળવવાના રહેશે. ઉપરાંત સેકટરમાં કોઈ ભટ્ટ મેવાડા સમાજના જ્ઞાતિજન નવા રહેવા આવ્યા હોય તેમની પણ વિગત સમાજના પ્રમુખ યોગેશભાઈ દિક્ષિત તથા મંત્રી ભરતભાઈ પંડયાને જાણ કરવા અનુરોધ કર્યો છે.

# જિલ્લામાં પાસપોર્ટ વૅરીફીકેશન કામગીરી સ્માર્ટ એન્ડ સ્પીડી બની

ગાંધીનગર, તા.૨૪

પહેલા વિદેશ જવા માટે જરૂરી વિઝાની પ્રોસેસ જેટલી નહોતી ચાલતી તેટલી પાસપોર્ટ વેરીફીકેશનમાં ચાલતી હતી. પાસપોર્ટ વેરીફીકેશનનાં અરજદાર પાસેથી 'રોકડી' કરવા પોલીસ અરજદારને ખુબ ધક્કે ચઢાવતી અને આ પ્રોસેસ મહિનો વિતી જાય તોય પુરી કરવામાં નહોતી આવતી. આ અંગે મળેલી ફરિયાદોને ધ્યાને લઈને જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંગ યાદવની કડક સુચનાથી જિલ્લામાં પાસપોર્ટ વેરીફીકેશન કામગીરી સ્માર્ટ એન્ડ સ્પીડી બની છે. છેલ્લા બે માસની અરજીઓ જોતા તમામ અરજીઓનો ૧૩ દિવસની અંદર નિકાલ કરી વેરીફીકેશન કરી આપવામાં આવ્યું છે.

**પહેલા ૨૧ દિવસમાં ત્રીસ ટકા અરજીઓનું વેરીફીકેશન પણ કરવામાં આવતું ન હતું : છેલ્લા બે માસથી ૧૩ દિવસમાં ૧૦૦ ટકા પાસપોર્ટ વેરીફીકેશન થાય છે...!**

વિદેશ જવા માટે વિઝા લેતા પહેલા દેશનાં નાગરીકત્વનો પાસપોર્ટ અનિવાર્ય હોય છે. આ પાસપોર્ટ નિકાળવા માટે પોલીસનું વેરીફીકેશન જરુરી હોય છે. પોલીસ પહેલા પાસપોર્ટ અને વેરીફીકેશનની અરજીઓ દબાવી રાખતી અને અરજદારોને ધક્કાઓ ખવડાવ્યા બાદ રોકડી કરી વેરીફીકેશન કરી આપતી હતી. જેને પગલે પાસપોર્ટ વેરીફીકેશનની અરજીઓનો ભરાવો થતો હતો અને ૨૩ દિવસ સુધીમાં વેરીફીકેશન કરી આપવું ફરજીયાત હોવા છતા મહિને મહિને વેરીફીકેશન થતા હતા. ૨૧ દિવસ પહેલા થતા પાસપોર્ટ વેરીફીકેશનનો રેશીયો ૩૦ થી ૩૫ ટકા જ હતો. આ અંગે મળેલી ફરીયાદોને પગલે જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી હવે ગાંધીનગર જિલ્લામાં પાસપોર્ટ વેરીફીકેશન કરતી પોલીસ સ્માર્ટ એન્ડ સ્પીડી બની ગઈ છે. પહેલાનો ૩૦ થી ૩૫ ટકા પાસપોર્ટ વેરીફીકેશનનો રેશીયો વધારીને છેલ્લા બે મહિનાથી ૧૦૦ ટકા સુધી પહોંચાડી દીધો છે તે પણ ૨૧ દિવસ નહી પરંતુ ૧૩ દિવસમાં વેરીફીકેશન પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવતું હોવાનું જાણવા મળ્યું છે.



ઈ-વેસ્ટ...ઈલેકટ્રોનિકસ વેસ્ટ..માઈક્રોસોફટ સંસ્થાની પહેલ 'ક્રિએટ ટુ ઈન્સ્પાયર' અંતર્ગત નાગરિકોમાં ઈ-વેસ્ટની જાગૃતિ લાવવા માટે ફેર્લાસ દ્વારા ગાંધીનગર શહેરના વિવિધ ભાગોમાં શેરી નાટકોનું આયોજન કરવામાં આવે છે. ઘરમાં પડી રહેલા ઈલેકટ્રોનિક સાધનોનો વેસ્ટ આજના સમયની મોટી સમસ્યા બની ચુકયો છે. જે અંગેની જાગૃતિ કેળવવા અર્થે એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ આકાશ પરમાર, મનન પટેલ, કેયુર ચૌહાણ, દેવિક પ્રજાપતિ, મિતલ ઠકકર, ટિવન્કલ પંચાલ તેમજ અભિષેક કામ કરી રહ્યા છે.

## આજથી સે-૨૨માં ભાગવત સત્સંગ પારાયણ યોજાશે

ગાંધીનગર, તા.૨૪

સે-૨૨ ખાતે તા. ૨૫ નવેમ્બરથી ૫ ડિસેમ્બર સુધી શ્રીમદ ભાગવત સત્સંગ પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. મહિલા સિવણવર્ગની બાજુમાં, સ્વામિનારાયણ ગુરુકુળની પાછળના વિસ્તારમાં આવેલા બગીચા સે-૨૨ ખાતે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન મુકુંદભાઈ મહારાજની વ્યાસપીઠે યોજાશે. નગરના તમામ ભાવિક ભકતોને પારાયણનો લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



આમ તો અત્યારે સ્ટીલ, મૅલેમાઈન અને કોપર બૉટમનાં વાસણો અને પ્લાસ્ટીકના સ્ટોરેજની પ્રથા ચાલે છે, પરંતુ તેમ છતાં ઘરનાં વિવિધ કામો માટે વાંસની ટોપલીઓ ક્યાંક ક્યાંક કામ આવે છે ખરી. આવી ટોપલીઓ બનાવીને વેચનારા કારીગરોએ ગાંધીનગર શહેરમાં ધામા નાંખ્યા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## અર્ધલશ્કરી દળો દ્વારા આજે ગાંધીનગરમાં ફૂટ પેટ્રોલીંગ

**શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થાય તે માટે સંવેદનશીલ વિસ્તારોમાં પણ માર્ચ પાસ્ટનું આયોજન : દહેગામ નગરપાલિકામાં માર્ચ પાસ્ટ થઈ**

ગાંધીનગર, તા.૨૪

જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી દરમિયાન શંતિ અને સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે આજથી જ અર્ધલશ્કરી દળોએ ગાંધીનગરમાં પડાવ નાંખી દીધા છે. આજે દહેગામ નગરપાલિકા વિસ્તારમાં અર્ધલશ્કરી દળો અને સ્થાનિક પોલીસ દ્વારા માર્ચ પાસ્ટ કરવામાં આવી હતી જયારે આવતી કાલે બુધવારે ગાંધીનગરમાં શહેરમાં માર્ચ પાસ્ટ કરવામાં આવનાર છે.



૨૯મી નવેમ્બરના રોજ યોજાનાર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચુંટણી નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે અર્ધ લશ્કરી દળોની ટુકડીઓ ગાંધીનગરમાં ખડકી દેવામાં આવી છે. જિલ્લામાં ૭૫૯ મતદાન મથકો માટે ૨ હજાર પોલીસ જવાનો ઉપરાંત ૧ હજાર હોમગાર્ડ જવાનોને તૈનાત કરી દેવામાં આવશે. તે ઉપરાંત બે કંપની પેરામિલેટરી ફોર્સ પણ ફાળવવામાં આવી છે. ઈન્ડો ટીબેટીયન બોર્ડર પોલીસ અને દહેગામ સ્થાનિક પોલીસ દ્વારા આજે દહેગામ નગરપાલિકા વિસ્તારમાં ફૂટ પેટ્રોલીંગ કરવામાં આવ્યું છે. તે ઉપરાંત આવતી કાલે ગાંધીનગર ખાતે માર્ચ પાસ્ટ કરવામાં આવશે.

## નો પાર્કીંગમાં રિક્ષા મુકનાર બે રિક્ષાચાલક સામે કેસ

ગાંધીનગર, તા.૨૪

પથિકાશ્રમ સર્કલ નજીક પેસેન્જર રિક્ષાના સ્ટેન્ડ બની ગયા છે ત્યારે પોલીસને આજે જાહેરનામાનો ભંગ થતો હોવાનું યાદ આવ્યું...! નો પાર્કીંગમાં રિક્ષા પાર્ક કરીને ઉભેલા વાવોલના બે રિક્ષા ડ્રાઈવરો વિક્રમ ગોકુલભાઈ અને બાબુ પટેલ સામે જાહેરનામા ભંગ બદલ સેકટર-૭ પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી શરુ કરી છે.

# સ્વર્ણિમ પાર્કમાં તૂટેલાં કસરતનાં સાધનોથી હાલાકી

**શિયાળાના પ્રારંભે જ વ્યાયામના સાધનોની બદતર હાલતથી વહેલી સવારે કસરત કરવા આવતો યુવા વર્ગ નારાજ : બાળકો માટેના રમતગમતના સાધનો પણ તૂટી જવાથી નિરાશા**

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં ધીમા પગલે શિયાળાનું આગમન થઈ ચુકયું છે. શિયાળો આવતા જ નગરમાં સ્વાસ્થ્યપ્રેમી નાગરિકો વહેલી સવારે ઉઠી મોર્નિંગ વોક લેવા સાથે શરીરની તંદુરસ્તી માટે વિવિધ કસરતો-યોગ-વ્યાયામ વગેરેને અપનાવી રહ્યાં છે. શહેરની મધ્યમાં વિકસાવાયેલી સ્વર્ણિમ પાર્ક મોર્નિંગ વોકર્સ અને વ્યાયામ કરનારા નાગરિકો માટે સૌથી પસંદગીનું સ્થળ છે. જો કે હજુ તો હમણાં જ બનેલા આ પાર્કમાં લગાડાયેલા કસરતના સાધનો તુટેલી અવસ્થામાં હોવાથી આ મોર્નિંગ વોકર્સ માટે પ્રથમ ગ્રાસે જ મક્ષિકાનો અનુભવ થઈ રહ્યો છે.

શહેરમાં સ્વાસ્થ્યપ્રેમી નગરજનો માટે શિયાળો એ આખા વર્ષની તંદુરસ્તી અને સ્ફુર્તિ અંકે કરી લેવાનો મનગમતો સમયગાળો છે. શિયાળાની ફુલ ગુલાબી ઠંડીમાં આ નગરજનો વહેલી સવારથી જ નગરના વિવિધ પાર્કમાં ચાલવા-યોગ કરવા તથા વ્યાયામ કરવા માટે પહોંચી જાય છે. નગરમાં આવા સ્વાસ્થ્ય પ્રેમીઓની સંખ્યા ખૂબ મોટી છે. જેમાં બાળકો, યુવાનોથી માંડીને વયોવૃધ્ધ વડીલ પુરુષ-મહિલાઓ તમામનો સમાવેશ થાય છે. આ સ્વાસ્થ્ય પ્રેમી નગરજનોમાં ખાસ કરીને યુવક યુવતિઓમાં વ્યાયામનો ઘણો ક્રેઝ જોવા મળે છે. વળી, સરકાર પણ યોગ દ્વારા સ્વાસ્થ્ય અને વ્યાયામને પ્રોત્સાહિત કરે છે તેથી નગરના લગભગ તમામ નાના મોટા પાર્કમાં કસરતના સાધનો લગાડવામાં આવ્યા હતા. હજુ થોડાક જ વર્ષોથી અસ્તિત્વમાં આવેલ નવીન સ્વર્ણિમ પાર્કમાં પણ ખાદીભવન તરફના વિભાગે તદન નવા જ કસરતના સાધનો લગાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત સે-૧૬ તરફના વિભાગે નાના બાળકોને રમવાના હિંચકા-લપસણી જેવા રમતગમતના સાધનો પણ લગાડવામાં આવ્યા હતા. આ સાધનોના કારણે યુવા વર્ગ અને બાળકો ખૂબ આનંદિત થયા હતા તથા તેનો ભરપૂર ઉપયોગ પણ કરતા હતા. હવે, શિયાળાનો પ્રારંભ થતા જ આ સાધનોનો ઉપયોગ કરવા ફરી એકવાર યુવા વર્ગ તૈયાર થયો હતો. પરંતુ સાધનોની પરિસ્થિતિ તુટેલી હોવાના કારણે તેમનામાં નિરાશા ફેલાવા પામી છે.





રમતગમતના સાધનો પણ તુટી ગયા હોઈ બાળકો માટે જોખમી બની જવા પામ્યા છે. એક તરફ દેશના પ્રધાનમંત્રી યોગ દ્વારા સમગ્ર વિશ્વને સ્વાસ્થ્યનો સંદેશ પાઠવી રહ્યા છે ત્યારે શિયાળાની ઋતુ ટાણે સ્વર્ણિમ પાર્કના તુટેલા સાધનો સ્વાસ્થ્ય પ્રેમીઓમાં નિરાશા જન્માવી રહ્યાં છે. સત્વરે, આ સાધનોને બદલી નવા સાધનો લગાડવામાં આવે તેવી નગરજનોમાં માંગ ઉઠવા પામી છે.

(તસવીર : કશ્યપ નિમાવત)



ગાંધીનગર કોબા હાઈવે પર તંત્ર દ્વારા વાહનચાલકો માટે અલગ અલગ 'લેન' દર્શાવતા પટ્ટા બનાવવાની કામગીરી ચાલી રહી છે જેથી ટ્રાફિક વ્યવસ્થા જળવાય અને અકસ્માતોને રોકી શકાય.

(તસવીર : કશ્યપ નિમાવત)

## ચિરવિદાય

- સ્વ. કંકુબેન સોમાભાઈ ચૌધરી, ઉ.વ. ૭૮
- સ્વ. સુરેશચંદ્ર નારાયણશંકર આચાર્ય, ઉ.વ. ૯૦
- સ્વ. ચંદુજી ફુલાજી બિહોલા, ઉ.વ.૬૫
- સ્વ. આનંદબેન લક્ષ્મણજી રાણા, ઉ.વ. ૭૫
- સ્વ. ઘનશ્યામભાઈ ખોડીદાન ઝુલા, ઉ.વ. ૫૩